P.R.O

# : જાહેરનામુ :

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ નંબર/વિ.શા/ઓ.એસ.સેક્શન/૯૩ /૨૦૧૯.

સેક્શન ઓફિસર, હોમ ડીપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગરના NO.SB-1/KAV/102019/GOI-41 DATE.08/02/2019 ના પત્ર તથા કેન્દ્રીય માધ્યમિક શિક્ષા બોર્ડ દિલ્હીના પત્ર નં.CBSE/SECRET/2019/1890-1923 DATE.22/01/2019 અન્વયે આગામી તા.૧૫.૦૨.૧૯ થી ૦૪.૦૪.૧૯ દરમ્યાન કલાક.10.00 થી ૧૩.30 દરમ્યાન સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન ન્યુ દિલ્હી દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષા અમદાવાદ શહેર વિસ્તારના જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ શાંત ચિત્તે, શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર હકુમત હેઠળમાં નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

જેથી હું એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર ફરમાવી તેમાં જણાવેલ કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છુ.

**પ્રતિબંધિત વિસ્તાર**

પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

**પ્રતિબંધિત કૃત્યો**

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.
(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.
(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.
(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઇલ અને અન્ય ઇલેકટ્રોનીક મિડીયા/વિજાણુ ઉપકરણ લઇ જવા પર.
(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.
(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઇપણ સાધન લઇ જવા પર.

- અપવાદ : આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

- આ પ્રતિબંધાત્મક આદેશો તા.૧૫/૦૨/૨૦૧૯ થી તા.૦૪/૦૪/૨૦૧૯ ના ક.૦૯/૦૦ થી ક.૧૪/30 સુધી અમલમાં રહેશે.

  આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ના અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીઓ/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇપીકો કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત અમદાવાદ શહેરમાં લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તથા જાહેર જગાઓએ નકલો ચોટાડી પ્રસિધ્ધ કરવી અને આકાશવાણી તેમજ દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખઃ૧૧ મી ફેબ્રુઆરી સને ૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

અમદાવાદ.

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

<u>સવિનય નકલ રવાના:</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઇન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૪) મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૫) કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ.
(૬) નિયામકશ્રી, માહિતી વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
(૮) રજીસ્ટ્રારશ્રી, સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ.
(૯) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ.
(૧૦) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૧) ખાસ/સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર.
(૧૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, વહીવટ, ટ્રાફિક, મુખ્ય મથક, અમદાવાદ શહેર.
(૧૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ ઝોન, કંટ્રોલ રૂમ સહિત, અમદાવાદ શહેર.
(૧૪) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૧૫) સીનીયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)
(૧૭) પોલીસ ઇન્સપેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર, (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)
(૧૮) પોલીસ ઇન્સ્પેકટરશ્રી, એ-સેકશન, (પરમીટ ટેબલ), વિશેષ શાખા, અમદાવાદ શહેર.
(૧૯) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર), જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.
(૨૦) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (ગ્રામ્ય) જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ભોયતળીયે બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.